# હેલો મારો સાંભળો, રણુંજાના રાજા... રામાપીર બાપાના નેજાની ભવ્ય શોભાયાત્રાથી ભક્તિમય માહોલ





તસવીર : ધવલ વાજા

ભાવનગર શહેરના વિવિધ વિસ્તારોમાં રામાપીર બાપાના નેજા (ધ્વજા)ની અત્યંત ભવ્ય અને શ્રદ્ધાપૂર્વક શોભાયાત્રા યોજાઈ હતી. આ ધાર્મિક પ્રસંગે શહેરના ખેડૂતવાસ, આનંદનગર, બંદર રોડ સહિતના મુખ્ય વિસ્તારોમાં અદ્ભુત ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.શોભાયાત્રા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા અને સમગ્ર માર્ગ પર રામાપીર બાપાના જયઘોષ સાથે નેજાનું ભાવપૂર્વક પૂજન-અર્ચન અને સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી આ શોભાયાત્રાને કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું, જેમાં રામાપીર બાપાના દર્શન તેમજ આશીર્વાદ મેળવવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

# કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાની અધ્યક્ષતામાં સર ટી. હોસ્પિટલની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક રહી સકારાત્મક




ભાવનગર,તા.૨૧

ભાવનગરની સરકારી મેડિકલ કોલેજ અને સર તખ્તસિંહજી (સર ટી.) જનરલ હોસ્પિટલની કાર્યક્ષમતા વધારવા તેમજ દર્દીઓને અદ્યતન તબીબી સેવાઓ પૂરી પાડવાના હેતુથી ૧૨૦૦ બેડ હોસ્પિટલ, અમદાવાદ ખાતે માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી નિમૂબેન બાંભણીયાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં હોસ્પિટલમાં તબીબી ક્ષેત્રે ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવા અને ૧૧ માસના કરાર આધારિત તબીબી શિક્ષકોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા ઉપર ખાસ ભાર મુકાયો હતો. આ ઉપરાંત GMSCL મારફતે જરૂરી તબીબી સાધનો ઝડપથી ઉપલબ્ધ કરાવવા, ખરીદ પ્રક્રિયાનું સરલીકરણ કરવા અને હોસ્પિટલમાં અદ્યતન IT સપોર્ટ તથા ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ મજબૂત કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) હેઠળ જરૂરિયાતમંદ દર્દીઓને સરળતાથી કેશલેસ સારવાર મળી રહે તે માટે હેલ્પડેસ્ક અને ક્લેમ પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત કરવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં ડાયાબિટીસ, કેન્સર અને હૃદયરોગ જેવા બિન-સંચારી રોગોના પ્રારંભિક નિદાન (Screening) અને મફત દવા વિતરણની સેવાઓ વધુ સઘન બનાવવા અંગે પણ ગંભીરતાપૂર્વક વિચારણા થઈ હતી.

કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ અંગે માર્ગદર્શન આપ્યું હતું અને PMJAY યોજનાનો લાભ મહત્તમ લોકો સુધી પહોંચાડવા માટે ચોક્કસ દિશા-નિર્દેશો આપ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં આરોગ્ય વિભાગના અગ્ર મુખ્ય સચિવ રાજીવ ટોપનો, હેલ્થ કમિશ્નર (અર્બન) ડો. સંધ્યા ભુલ્લર સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ખાલી જગ્યાઓ ઝડપથી ભરવા, તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા અને PMJAY યોજના હેઠળ દર્દીઓને સરળ કેશલેસ સારવાર સુનિશ્ચિત કરવા મંત્રીએ આપ્યા નિર્દેશ

# પાલીતાણામાં સરકારી નોકરીના નામે ચાર લાખ પડાવ્યા, બોગસ એપોઈન્ટમેન્ટ લેટર પણ આપ્યો

## યુવક પાલીતાણા હાજર થવા ગયો ત્યારે ભાંડો ફૂટ્યો, બાપ દીકરાએ ભેગા મળી નોકરી આપવાના બહાને ઠગાઈ આચરી

ભાવનગર,તા.૨૧

પાલીતાણાના હવા મહેલ ક્વાર્ટરમાં રહી હીરા ઘસવાનું કામ કરતા અમીત જાડેજા નામના યુવક સાથે પોસ્ટ વિભાગમાં સરકારી નોકરી અપાવવાની લાલચ આપી રૂ.૪ લાખની માતબર રકમની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે યુવકે બે શખ્સો સામે પાલીતાણા ટાઉન પોલીસ મથકે વિશ્વાસઘાત અને બનાવટી કાગળો ઊભા કરવાનો ગુનો નોંધાવ્યો છે.

ઘટનાની વિગત મુજબ, મે ૨૦૨૪માં અમીતભાઈ પોપડા વિસ્તારમાં આવેલી ઈલેક્ટ્રિકની દુકાને જતા હતા, જ્યાં દુકાનદાર કિરીટસિંહ ઝાલા અને તેના પુત્ર પ્રદિપે પોસ્ટ વિભાગમાં ઉપર સેટિંગ હોવાનું કહી નોકરી માટે રૂ.૬ લાખની માગણી કરી હતી. તેમાંથી રૂ.૪ લાખ અગાઉ અને રૂ.૨ લાખ નોકરી મળ્યા બાદ આપવાનું નક્કી થયું હતું. અમીતભાઈએ વિશ્વાસ મૂકીને ઓનલાઈન ગુગલ-પે તથા રોકડા મળી કુલ રૂ.૪ લાખ પ્રદિપને ચૂકવી દીધા હતા.

જાન્યુઆરી ૨૦૨૫માં પ્રદિપના કહેવાથી અમીતભાઈ ભાવનગર પોસ્ટ ઓફિસે ગયા હતા, જ્યાં દિહોરના બળદેવ રમેશભાઈ રાઠોડે તેમને પોસ્ટ વિભાગનો એપોઈન્ટમેન્ટ લેટર આપી પાલીતાણા પોસ્ટ ઓફિસે હાજર થવા જણાવ્યું હતું. પરંતુ ૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અમીતભાઈ પાલીતાણા પોસ્ટ ઓફિસે હાજર થવા જતાં, ત્યાંના અધિકારીઓએ લેટર તપાસીને સંપૂર્ણ ખોટો અને બનાવટી હોવાનો ખુલાસો કર્યો હતો.

આ અંગે પ્રદિપ અને બળદેવનો સંપર્ક કરતા તેઓએ 'હજુ સેટિંગ બાકી છે' તેમ કહી યુવકને ૧૦ દિવસ સુધી મોબાઈલ બંધ રાખી બહાર રહેવા જણાવી ગુમરાહ કર્યો હતો. લાંબો સમય વિતવા છતાં નોકરી કે નાણાં પરત ન મળતાં આખરે પોતાની સાથે ઠગાઈ થયાનું સ્પષ્ટ થતાં અમીત જાડેજાએ પ્રદિપ ઝાલા (રહે. પાલીતાણા) અને બળદેવ રાઠોડ (રહે. દિહોર) સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કારચાલકને છાતીમાં દુઃખાવો થતા ૧૦૮ દ્વારા તત્કાલ મદદથી જિંદગી બચી ગઈ

## રૂ. ૧ લાખની રોકડ અને કિંમતી સામાન સગાંને સોંપી પ્રમાણિકતા દાખવી

ભાવનગર,તા.૨૧

સિહોરના ઘાઘળી નજીક એક કારચાલક ભાવનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક છાતીમાં અસહ્ય દુખાવો, શરીરમાં ખાલી ચડવી અને બોલવામાં તકલીફ થતાં ૧૦૮ ઈમરજન્સી સેવાને કોલ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ સિહોર CHC IFT એમ્બ્યુલન્સના EMT ભરતસિંહ પરમાર અને પાયલટ ધર્મેશભાઈ રાઠોડ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

દર્દી બોલી ન શકતા હોવાથી અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી પોલીસે અને ૧૦૮ ટીમે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી દર્દીને સક્ષમ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. તપાસ દરમિયાન દર્દી પાસે આશરે ૧,૦૦,૨૦૦ની રોકડ રકમ, મોબાઈલ, ચેકબુક અને મહત્વના દસ્તાવેજો મળી આવ્યા હતા. ૧૦૮ના કર્મચારીઓએ દર્દીના સગાંઓનો સંપર્ક કરી તમામ કિંમતી સામાન સુરક્ષિત રીતે પરત સોંપ્યો હતો.

આ ઉત્કૃષ્ટ અને ઈમાનદારીપૂર્વકની કામગીરી માટે દર્દીના પરિવારે અશ્રુભીની આંખે આભાર વ્યક્ત કર્યો હતો. જ્યારે જિલ્લા પ્રોગ્રામ મેનેજર કપિલ સોલંકી અને એક્ઝિક્યુટિવ જયેશ જેઠવા દ્વારા ૧૦૮ ટીમની આ સરાહનીય ફરજ નિષ્ઠાને બિરદાવવામાં આવી હતી.

# ખાનગી બસમાંથી વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે એલસીબીએ બેને ઝડપી લીધા



ભાવનગર,તા.૨૧

ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહિબિશન પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન પોલીસ ટીમને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે અમદાવાદ-ભાવનગર નેશનલ હાઈ-વે પર અમદાવાદ તરફથી આવી રહેલી 'ખોડલ રાજ ટ્રાવેલ્સ' બસમાં કેટલાક ઈસમો પોતાના થેલાઓમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને આવી રહ્યા છે અને તેઓ ભડભીડ ટોલનાકા ખાતે ઉતરીને ભાવનગર શહેર તરફ જવાની ફિરાકમાં છે.

આ સચોટ માહિતીના આધારે એલ.સી.બી. પોલીસે ભડભીડ ટોલનાકા ખાતે વોચ ગોઠવી હતી. દરમિયાન બસમાંથી ઉતરેલા શંકાસ્પદ ઈસમોને રોકી તેમની પાસે રહેલા કુલ ૦૪ થેલાઓની તલાશી લેતા તેમાંથી રાજસ્થાન પાસિંગ ('ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી') ની સીલપેક પ્લાસ્ટિકની દારૂની બોટલો તથા બિયરના ટીન મળી આવ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી ૨૬ વર્ષીય સોહનભાઈ કુમારભાઈ ચુડાસમા (રહે. પાલીતાણા) અને ૪૨ વર્ષીય ઈરફાનભાઈ અયુબભાઈ મહેતર (રહે. ભાવનગર) નામના બે ઈસમોની અટકાયત કરી હતી.

પોલીસ દ્વારા કબ્જે કરવામાં આવેલા મુદ્દામાલમાં ?૨,૭૨૦ની કિંમતની આઈકોનીક વ્હાઈટ વ્હીસ્કીની ૧૭ બોટલ, ?૧૮,૪૫૦ની કિંમતની મેકડોવેલ્સ નં.૦૧ વ્હીસ્કીની ૧૨૩ બોટલ, ?૪,૨૭૫ની કિંમતની સીગ્નેચર પ્રિમીયર વ્હીસ્કીની ૧૫ બોટલ, ?૬,૦૦૦ની કિંમતની ઓફિસર્સ ચોઈસ વ્હીસ્કીની ૪૮ બોટલ, ?૬,૧૨૫ની કિંમતની ૮ઁ સ્વ્હીસ્કીની ૪૯ બોટલ તથા ?૭,૨૦૦ની કિંમતના કિંગફિશર બિયરના ૪૮ ટીન મળી કુલ ૨૫૨ દારૂની બોટલો અને ૪૮ બિયર ટીન (કિંમત ?૪૪,૭૭૦) શામેલ છે. આ ઉપરાંત આરોપીઓ પાસેથી ?૨૦,૦૦૦ની કિંમતના ૦૨ મોબાઈલ ફોન મળીને કુલ ?૬૪,૭૭૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ અંગે ભાવનગરના વેળાવદર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સફળ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર એચ.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સપેક્ટર આર.એ. વાઢેર, વી.સી. જાડેજા, પી.ડી. ઝાલા, વી.બી. ચૌધરી તેમજ એલ.સી.બી. સ્ટાફના જગદિશભાઈ સાંગા, જયદાનભાઈ લાંગાવદરા, બીજલભાઈ કરમટીયા, ફાલ્ગુનસિંહ ગોહિલ, રાજુભાઈ વાઘેલા અને નીલેશભાઈ જોશી દ્વારા કરાઈ હતી.

# વાળુકડ ખાતે મિલેટ અને ટેક હોમ રાશનની પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ



પાલીતાણાના વાળુકડ ખાતે સંકલિત બાળ વિકાસ યોજના કચેરી દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત મિલેટ (શ્રી અન્ન) અને ટેક હોમ રાશનમાંથી બનતી વાનગી સ્પર્ધા યોજાઈ હતી. ધારાસભ્ય ભીખાભાઈ બારૈયાએ ઉપસ્થિત રહી બાળ પોષણ અને મિલેટ આધારિત આહારનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્યો અને નાયબ કલેક્ટર મિશ્રા સહિત અધિકારીઓ તથા મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# વલભીપુરમાં ભારે વરસાદથી નસીતપુર-તોતણિયાળા પુલ થયો ક્ષતિગ્રસ્ત

વલભીપુર તાલુકામાં ભારે વરસાદના કારણે નસીતપુર અને તોતણિયાળાને જોડતો પુલ તૂટી જતાં સ્થાનિક લોકો માટે અવરજવર મુશ્કેલ બની છે. આ ગંભીર પ્રશ્ને તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભગીરથસિંહ ગોહિલે માર્ગ અને મકાન (પંચાયત) વિભાગને રજૂઆત કરી તાત્કાલિક રિપેરિંગની માંગ કરી હતી. તંત્ર દ્વારા ગઈકાલે સાંજ સુધીમાં રસ્તો શરૂ કરવાની ખાતરી અપાઈ હોવા છતાં કામગીરીમાં ભારે ઢીલાશ જોવા મળી રહી છે. દરમિયાન, માર્ગ-મકાન અધિકારી પાતરે જણાવ્યું કે હાલ રસ્તા પર મોરમ નાખી કામચલાઉ સમારકામ કરાશે, જ્યારે નવા પુલનું બાંધકામ ડિસેમ્બર માસ આસપાસ શરૂ કરવામાં આવશે.



# શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે આવતીકાલે થશે નવરાત્રી મંડપનું રોપણ

## પરંપરાગત રીતે ભાદરવી અગિયારસે માણેકચોકમાં મંડપ રોપી ધ્વજારોહણ કરાશે

ભાવનગર,તા.૨૨

ગોહિલવાડના પ્રસિદ્ધ શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે આસો સુદ નવરાત્રિ મહોત્સવની શાસ્ત્રોક્ત અને પરંપરાગત રીતે ઉજવણી કરાશે જેના ભાગરૂપે ભાદરવા સુદ અગિયારસને મંગળવાર, તારીખ ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે માણેકચોકમાં મંડપ રોપણ કરી ધ્વજારોહણ કરવામાં આવશે.

શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરની નવરાત્રિ ઉજવણી એક વિશિષ્ટ અને શાસ્ત્રોક્ત પરંપરા ધરાવે છે.

અગિયારસના પવિત્ર દિવસે મોટી સંખ્યામાં માઈ ભક્તો અને સ્વયંસેવકો એકત્રિત થઈ માતાજીના ગરબા તથા સ્તુતિના ગાન સાથે ભક્તિમય વાતાવરણ સર્જશે. ત્યારબાદ ભૂંગળના સુમધુર સૂર અને વાજતે-ગાજતે ધ્વજા સ્તંભ સાથે માણેકચોકમાં પહોંચીને વિધિવત રીતે મંડપ રોપણ કરવામાં આવશે.

ભંડારિયા ખાતે આવેલા અન્ય દેવી સ્થાનકો પ્રગટનાથ બહુચરાજી મંદિર, મેલડી માતાજી મંદિર તેમજ સોંડાઈ માતાજીના મંદિરે પણ નવરાત્રિ પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરાશે. આ તમામ સ્થાનકો પર વૈદિક વિધિવિધાન સાથે મંગળવારે મંડપ રોપણ અને ધ્વજારોહણના કાર્યક્રમો યોજાશે, આ સાથે નવરાત્રી ઉત્સવની તૈયારીના શ્રી ગણેશ થશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## તંત્રની કામગીરી અને રોડની ગુણવત્તા સામે ઉઠતા ગંભીર સવાલો

# ભાવનગરમાં માત્ર ૩૨ ડિગ્રી તાપમાનમાં જ રસ્તાનો ડામર પીગળ્યો!

**સંત કવરામ ચોકથી વાઘવાડી રોડ પર ડામર ઓગળતા વાહનચાલકો અને રાહદારીઓ હાલાકીમાં, સ્થાનિકો દ્વારા નબળા કામગીરી અંગે તપાસ અને સેમ્પલ લેવાની માંગ**



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરમાં સંત કવરામ ચોકથી વાઘવાડી રોડ તરફ જવાના મુખ્ય માર્ગ પર ડામર ઓગળી જવાની ઘટના સામે આવી છે. સામાન્ય રીતે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ડામર પીગળવાની ઘટનાઓ બનતી હોય છે, પરંતુ અહી આશરે માત્ર ૩૨ ડિગ્રી જેટલા સામાન્ય તાપમાનમાં જ રોડ પરનો ડામર ઓગળવા લાગતા પાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલા કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

રસ્તા પર ડામર ઓગળવાના કારણે વાહનચાલકોના ટાયર ચોંટી જવાના નિશાનો સ્પષ્ટપણે જોઈ શકાય છે, જ્યારે પગપાળા જતા રાહદારીઓના ચંપલ અને પગ પણ ડામરમાં ચીપકી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. રોડ પર પ્લાસ્ટિક જેવી ચીકણી અને ભયજનક સ્થિતિ સર્જાતા અકસ્માતનો ભય વધી ગયો છે, જેનાથી સ્થાનિક રહીશો, વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ પરિસ્થિતિને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને રોડના નિર્માણમાં અત્યંત હલકી ગુણવત્તાનો ડામર વપરાયો હોવાના સીધા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. રોડ બન્યાના થોડા જ સમયમાં ડામર ઓગળી જવાની સ્થિતિ કેમ સર્જાઈ? નિર્માણ કાર્યમાં કયા ધોરણની સામગ્રી વાપરવામાં આવી હતી? અને કામ પૂર્ણ થયા બાદ તેની ગુણવત્તાની યોગ્ય તપાસ કરવામાં આવી હતી કે નહીં? તેવા તીખા પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. સમગ્ર મામલે સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી, ડામરના સેમ્પલ લઈને ગુણવત્તા ચકાસવામાં આવે તથા દોષિતો સામે કડક કાર્યવાહી કરી જવાબદારી નક્કી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## ખાખરીયાના પાટિયા પાસે બે બાઈક અથડાતા યુવકનું મોત

**બેફિકરાઈપૂર્વક બાઈક ચલાવતા ચાલકે પાછળથી ટક્કર મારતા બન્યો બનાવ**

ભાવનગર,તા.૨૧

રાજકોટ-ભાવનગર હાઈવે પર ખાખરીયાના પાટિયા નજીક ગઈકાલે સાંજે ચાર વાગ્યાના અરસામાં બે મોટરસાયકલ વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ કરુણ દુર્ઘટનામાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ છે.

મળતી વિગતો મુજબ, મૃતક જેઠાભાઈ જીવાભાઈ ચાવડા પોતાના ભાઈ મેણસુરભાઈ સાથે બાઈક પર ભાવનગર આવી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા GJ-04-FB-9462 નંબરના મોટરસાયકલ ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બંને મોટરસાયકલ સવાર રોડ પર પટકાતા જેઠાભાઈ ચાવડાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું, જ્યારે અન્ય ઈજાગ્રસ્તને સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલમાં ખસેડાયા છે. આ અંગે મૃતકના ભાઈ મેણસુરભાઈ ચાવડાએ સિહોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત સર્જનાર બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ઈકો-ફ્રેન્ડલી ગણેશજીની સ્થાપના કરી પર્યાવરણ જતનનો પ્રેરણાદાયી સંદેશ



"પર્યાવરણનું નુકસાન એટલે આપણું પોતાનું નુકસાન" - આ ઉદ્દેશ્ય સાથે ભાવનગરના લોકેશ પંડ્યા છેલ્લા ૧૫ વર્ષથી એક અનોખી પરંપરા નિભાવી રહ્યા છે. તેઓ દર વર્ષે ગણેશોત્સવ નિમિત્તે માટીમાંથી જાતે જ ગણેશજીની મૂર્તિ બનાવી પોતાના ઘરમાં સ્થાપના કરે છે.આ ધાર્મિક કાર્યમાં તેમનો પરિવાર શ્રદ્ધાભેર જોડાય છે. પરિવારના બાળકો રિયા, ક્રિષ્ના, પ્રથમ અને મિત્સા દરરોજ નિયમિતપણે ગણેશજીની આરતી અને પ્રસાદ વિતરણમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.ગણેશ ઉત્સવ પૂર્ણ થયા બાદ નદી કે તળાવમાં વિસર્જન કરવાના બદલે, મૂર્તિનું ઘરે જ કુંડામાં વિસર્જન કરવામાં આવે છે અને તે માટીમાં છોડ વાવીને તેનો યોગ્ય ઉછેર કરવામાં આવે છે. લોકેશ પંડ્યા અને તેમના પરિવારે આ રીતે ઈકો-ફ્રેન્ડલી ઉત્સવ ઉજવી સમાજને ઉત્કૃષ્ટ પ્રેરણા પૂરી પાડી છે.

## પાનના પૈસા બાબતે બોલાચાલી બાદ દુકાનદાર પર કુહાડી વડે જીવલેણ હુમલો

ભાવનગર,તા.૨૧

ભાવનગરના ડેરી રોડ પર આવેલ 'મહાદેવ પાન પાર્લર' ખાતે પાનના માત્ર ૨૫ રૂપિયા ચૂકવવા બાબતે થયેલી બોલાચાલીમાં એક શખ્સે કુહાડી વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે.

બનાવની વિગત મુજબ, ૧૯ સપ્ટેમ્બરે રાત્રે વિજયરાજનગરનો યોગીરાજસિંહ નનકુભા ગોહિલ દુકાને આવી પાનના રૂપિયા ૨૫ કેમ લો છો તેમ કહી ગાળો બોલવા લાગ્યો હતો. દુકાનદાર ઉદય ભરતભાઈ વ્યાસ અને તેમના પિતાજીએ વિરોધ કરતા, યોગીરાજસિંહ ઘરેથી કુહાડી લઈ પરત આવ્યો હતો અને ઉદયભાઈ પર ઘા ઝીંક્યો હતો. તેઓ સાઈડમાં ખસી જતાં ગાલના ભાગે મૂઢ ઈજા પહોંચી હતી.આસપાસના લોકોએ વચ્ચે પડી કુહાડી આંચકી લેતાં હુમલાખોર ધમકી આપી ભાગી છૂટ્યો હતો. ઈજાગ્રસ્તને સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા. આ મામલે નિલમબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ક્રાઈમ ડાયરી

### બેફામ કાર અડફેટે 5 વર્ષના માસુમ બાળકને ગંભીર ઈજા

ભાવનગર,તા.૨૧

ભાવનગરના અધેવાડા વિસ્તારમાં બ્રહ્માણી માના મંદિર પાછળ રમતા ૫ વર્ષના બાળક હેતાંશ મકવાણાને કાળા રંગની ફોરવ્હીલર કાર (GJ-04-EA-9911) ના ચાલકે અડફેટે લીધો હતો. અકસ્માતમાં બાળકના કપાળે ફ્રેક્ચર અને હાથ-પગમાં ગંભીર ઈજાઓ પહોંચતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પિતા મયુરભાઈ મકવાણાની ફરિયાદ આધારે ભરતનગર પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### મહુવા ભાદ્રોડઝાપે મઢી પાછળ જુગાર રમતા બે ઝડપાયા

ભાવનગર,તા.૨૧

મહુવાના ભાદ્રોડઝાપે મઢી પાછળ ખુલ્લી જગ્યામાં ચાલતા તીનપત્તીના જુગાર પર બાતમીના આધારે મહુવા ટાઉન પોલીસે દરોડો પાડ્યો હતો. રેઈડ દરમિયાન પોલીસે જુગાર રમતા રફીક હુસેનભાઈ પઠાણ અને સાજીદ ઉર્ફે માયો નાસીરભાઈ બાગોતને રોકડા રૂ. ૧,૧૩૦ તથા ગંજીપાનાના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પોલીસે બંને સામે જુગાર અટકાયતી અધિનિયમની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધ્યો છે.

### સાણોદર પાટિયા પાસે ફોર્ચ્યુનર કારની ટક્કરથી બાઈક ચાલકને ગંભીર ઈજા

ભાવનગર,તા.૨૧

તળાજા-ભાવનગર હાઈવે પર સાણોદર પાટિયા પાસે મોડી રાત્રે અવાણીયા ગામના અશોકભાઈ ભાટવાસીયા (ઉં.વ. ૪૫) મોટરસાઈકલ લઈને નોકરી પર જઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપે આવેલી ફોર્ચ્યુનર કારે GJ-09-BM-6291 ટક્કર મારી હતી. અકસ્માતમાં અશોકભાઈને માથામાં તથા પગમાં ગંભીર ફ્રેક્ચર થતાં સર ટી. હોસ્પિટલ ખસેડાયા છે. ઘોઘા પોલીસે અકસ્માત સર્જી તળાજા તરફ ભાગી છૂટેલા કારચાલક સામે ગુનો નોંધ્યો છે.

### કુંભારવાડામાં દારૂની પાંચ બોટલો સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૨૧

ભાવનગરના કુંભારવાડા, માઢીયારોડ શેરી નં. ૧૬ ખાતે બોરતળાવ પોલીસે દારૂ અંગે પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસે જાહેર રોડ પરથી જીવા જેન્તીભાઈ ટેભાણીને ગેરકાયદેસર વિદેશી દારૂની ૫ બોટલ (કિંમત રૂ. ૬૭૮) સાથે રંગેહાથ ઝડપી લીધો હતો. બોરતળાવ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જ્ઞાનગુરુ એજ્યુકેશન હબ દ્વારા વાલીઓની સજાગતા સાથે વિકસવાની તક અંતર્ગત યોજાયો સેમિનાર

**બાળકોના વિકાસના તબક્કાઓ, જરૂરિયાતો અને અસરકારક રીતે કેવી રીતે જોડાઈ શકાય તે અંગે માર્ગદર્શન અપાયું**






ભાવનગર,તા.૨૧

ભાવનગર આજના સમયમાં બાળકોના સર્વાંગી વિકાસ અને વાલીઓ તથા બાળકો વચ્ચેના મજબૂત સંબંધને ધ્યાનમાં રાખીને MGT જ્ઞાનગુરુ એજ્યુકેશન હબ દ્વારા વાલીઓ માટે Conscious Parenting - An Opprotunity to Grow Together" વિષય પર વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારમાં ડૉ. ધવલ સોલંકી દ્વારા બાળકોના વિકાસ અંગે વૈજ્ઞાનિક અભિગમથી વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન તથા વિવિધ વ્યવહારુ ઉદાહરણો દ્વારા બાળકોના વિકાસના તબક્કાઓ, તેમની જરૂરિયાતો અને બાળકો સાથે અસરકારક રીતે કેવી રીતે જોડાઈ શકાય તે અંગે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત જાણીતા શિક્ષણ વિદ્ ડોક્ટર હરેશભાઈ પંડયા દ્વારા વાલીઓથી અજાણતાં થતી નાની-નાની વાલીઓની ભૂલો તથા તેને કેવી રીતે ટાળી શકાય તે અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દરેક બાળક અનોખું છે અને તેની પોતાની ઓળખ તથા વાસ્તવિકતાને સ્વીકારીને તેનો વિકાસ કરવો જરૂરી છે. કાર્યક્રમના અંતે સંસ્થાના મેનેજીંગ ડાયરેક્ટર મનહરભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ બંને નિષ્ણાતો સાથે પેનલ ડિસ્કશન યોજાઈ હતી. તેમાં બાળકોના ઉછેર, આજના સમયની Parenting challenges તથા બાળકોના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં વાલીઓની ભૂમિકા અંગે વિવિધ પ્રશ્નો દ્વારા રસપ્રદ અને માર્ગદર્શક ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બોહોળી સંખ્યામાં વાલીઓની ઉપસ્થિતિ અને સકારાત્મક પ્રતિસાદથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. બાળકોને માત્ર શિક્ષણ નહી પરંતુ સમજણ, સંવાદ, સંસ્કાર અને સ્નેહપૂર્ણ વાતાવરણ આપવાના સંદેશ સાથે સેમિનારનું સમાપન થયું હતું.

## શહેરની વળિયા આર્ટ્સ અને મહેતા કોમર્સ કોલેજમાં થેલેસેમિયા સ્ક્રીનિંગ ટેસ્ટ યોજાયો

ભાવનગર,તા.૨૧

ભાવનગર કેળવણી મંડળ સંચાલિત એલ.આર. વળિયા આર્ટ્સ અને પી.આર. મહેતા કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા સ્ક્રીનિંગ ટેસ્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન કોલેજમાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષ બી.એ. તથા બી.કોમના તમામ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન ભાવનગર યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના એકમના કો-ઓર્ડિનેટર પ્રિ. હિમલભાઈ પંડ્યાએ ખાસ ઉપસ્થિત રહીને થેલેસેમિયા માઈનોર અને થેલેસેમિયા મેજર વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને થેલેસેમિયા ટેસ્ટ શા માટે કરાવવો અત્યંત જરૂરી છે અને ભવિષ્યમાં તેનાથી થતાં ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. જતીનભાઈ પંડ્યાએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કરી કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને હૂંફ પૂરી પાડવા માટે ડૉ. દિલીપભાઈ સોંડાણી, ડૉ. વિરમદેવસિંહ ગોહિલ, ડૉ. સંદીપભાઈ વ્યાસ તેમજ ડૉ. દેવજી સોલંકી હાજર રહ્યા હતા. ઉપરાંત, ટેસ્ટિંગ દરમિયાન વિદ્યાર્થીઓને જરૂરી ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ નિષ્ઠાપૂર્વક મદદ કરી હતી. આ સંપૂર્ણ આયોજન કોલેજના આચાર્ય ડૉ. જતીનભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

## ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હનુમંત નર્સિંગના વિદ્યાર્થીઓને સ્કોલરશિપનો ચેક અપાયો



તસવીર : મુસ્તાક વસાયા

મહુવા,તા.૨૧

ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, મહુવાના ટ્રસ્ટી એ.બી. મહેતા તથાદિલીપભાઈ દ્વારા હનુમંત હોસ્પિટલ તથા હનુમંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગની મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન નર્સિંગના વિદ્યાર્થીઓને સ્કોલરશિપના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે હનુમંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ ડો.અભિનવભાઈ ભટ્ટ, પ્રમોશન અને લિગલ મેનેજર પાર્થભાઈ જોશી તથા મેનેજર કરણભાઈ ભટ્ટ, અકાઉન્ટ હેડ જીજ્ઞેશભાઈ શાહ સહિતના હોસ્પિટલ મેનેજમેન્ટ ટીમ ઉપસ્થિત રહેલ.વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન મળે અને તેમની શૈક્ષણિક પ્રગતિને વેગ મળે તે હેતુથી સ્કોલરશિપ યોજનાને વધુ વ્યાપક તથા અસરકારક બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આગામી સમયમાં સ્કોલરશિપ પ્રવૃત્તિઓને વધુ સુવ્યવસ્થિત રીતે આગળ વધારવા માટે જરૂરી આયોજન અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ટ્રસ્ટના પ્રતિનિધિઓ દ્વારા હનુમંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગની સંસ્થાકીય સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મુલાકાત પણ લેવામાં આવી હતી.આ પ્રસંગે હનુમંત હોસ્પિટલના ટ્રસ્ટી ડો.કે.ડી પારેખ તથા CEO ડો. ચિંતન શનિશ્વરા દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને ઉજ્જવળ કારકિર્દી માટે ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી આ સેવાભાવી અને વિદ્યાર્થીહિતકારી પહેલને બિરદાવી હતી.

## અવસાન નોંધ

**બ્રાહ્મણ મરણ (ભાવનગર)**

સ્વ.અશ્વિનભાઈ બી. વ્યાસ (ભૂતપૂર્વ કર્મચારી ત્રિવેણી રોલિંગ મિલ)નું અવસાન થયેલ છે તે ગં સ્વ શ્રીલેખાબેન વ્યાસના પતિ, નીતિનભાઈ વ્યાસ તથા માનસીબેન જાની, વિધિબેન (ઉષાબેન) આચાર્ય અને કોમલબેન વ્યાસના પિતા તથા મિહીરભાઈ જાની અને વિવેકભાઈ આચાર્યના સસરા. સ્વ. ગૌરીશંકર વ્યાસ તથા સ્વ. ભલચંદ્રભાઈ વ્યાસના કુટુંબના દીકરા તથા ભાઈ અને સ્વ. પુરુષોત્તમભાઈ જાની (અમરેલી)ના જાની ના જમાઈ. તેમનું બેસણું ભાદરવા સુદ દસમ, તા. ૨૧-૦૯-૨૦૨૬, સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.રામવાડી વિભાગ નં. ૪, ભીડભંજન મહાદેવની સામે, ભાવનગર. (મો.: ૮૪૬૦૬૦૦૫૧૦ – નીતિનભાઈ વ્યાસ)

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૧૯૫/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૫/૧૨/૧૯૫૫**

**શ્રી અનીસાખાતુન યુસુફઅલી મરચન્ટ D/O ગુલામસુસૈન નાયાણી,**
**રહે. પ્લોટ નં.૧૧/બી૧, યુનિટ-૨, મહદી સ્કુલની પાછળ,**
**ગુલમહોર ફ્લેટની સામે, ભાવનગર.મો-૯૯૨૪૨૦૩૨૦૩, ૯૪૦૯૯૨૭૮૬૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અનીસાખાતુન ગુલામહુસૈન નાયાણી એ તેમનો જન્મ તા.૧૫/૧૨/૧૯૫૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૧/૦૩/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

(કોર્ટનો સિક્કો)

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

## ભરતનગરમાં નશાની હાલતમાં કારમાં સવાર 3 ઝડપાયા, બિયરનો જથ્થો જપ્ત

ભાવનગર,તા.૨૧

ભાવનગરના ભરતનગર ૧૨ નંબર બસ સ્ટેન્ડ પાસે પોલીસે વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ કાર GJ-01-RH-4557 રોકી તપાસ કરી હતી. કારમાં સવાર જીગ્નેશ આહલપરા, વિનુ આહલપરા અને મધુ ભંમર નશાની હાલતમાં મળી આવ્યા હતા. કારની સીટ નીચેથી બિયરના ૩ ટીન મળી આવતાં ભરતનગર પોલીસે કાર અને બિયરનો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## ભદ્રાવળ આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ માસ ઉજવાયો: કિશોરીઓના BMIની ચકાસણી કરાઈ

**પોષણ માસ-૨૦૨૬ અંતર્ગત તળાજાના ભદ્રાવળ આંગણવાડી કેન્દ્ર ખાતે કિશોરીઓને પ્રોટીનયુક્ત આહાર અંગે માર્ગદર્શન આપી BMIની ચકાસણી કરવામાં આવી હતી. આ સાથે AMC સભ્યોએ કેન્દ્રની મુલાકાત લઈ પીવાના પાણીની સ્વચ્છતા, નાસ્તાની ગુણવત્તા અને અન્ય સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.**



અનુ.પાના ૮નું શરૂ...

## જિલ્લાના જળાશયોમાં પાણીની ભરપૂર

ઉપરાંત રજાવળ, ખારો, હણોલ, રોજકી, પીંગળી, ખાંભડા અને ઉતાવળી ગુંદા જળાશયો સંપૂર્ણપણે ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા છે. જ્યારે રઘોળા ડેમમાં ૯૯.૧૩ ટકા, બગડ ડેમમાં ૮૯.૪૫ ટકા, કાળુભાર ડેમમાં ૯૪.૨૭ ટકા, હમીરપરા ડેમમાં ૯૩.૦૭ ટકા, જસપરા (માંડવા ) ડેમમાં ૬૬.૧૩ ટકા અને લાખણકા ડેમમાં ૨૯.૦૮ ટકા પાણીનો સંગ્રહ થયો છે. જળાશયોમાં સતત વધી રહેલી પાણીની આવકને ધ્યાને રાખીને તંત્ર દ્વારા જરૂરી સુરક્ષા અને સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

# કુંભારવાડામાં ગાળો બોલવાની ના પાડતા પરિવારના ત્રણ સભ્યો પર છરીથી હુમલો

## બોરતળાવ પોલીસ મથકમાં બંને શખ્સો સામે ફરિયાદ દાખલ







તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરના કુંભારવાડા સર્કલ પાસે આવેલા મારૂતિનગરમાં ગાળો બોલવાની ના પાડવા બાબતે ઉશ્કેરાયેલા શખ્સોએ આંતક મચાવ્યો હતો. રાત્રીના સમયે બે શખ્સોએ છરી વડે હુમલો કરી નિવૃત્ત વૃદ્ધ સહિત ત્રણ લોકોને ઈજા પહોંચાડતા ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મારૂતિનગરમાં રહેતા અને નિવૃત્ત જીવન વિતાવતા ૬૬ વર્ષીય રમેશભાઈ કાનજીભાઈ કોળી ગઈકાલે રાત્રે પોતાના ઘરની ઓસરીમાં સૂતા હતા. દરમિયાન વિસ્તારમાં રહેતો ગૌરાંગભાઈ ભનુભાઈ ભિમાણી ગાળો બોલતો હોય, જેથી રમેશભાઈએ તેને ગાળો બોલવાની ના પાડી હતી. આ અદાવતમાં ગૌરાંગભાઈએ તેની સાથે રહેલા નવીનભાઈ ભરતભાઈ ગોહેલ (રહે. ઠક્કરબાપા સોસાયટી) પાસેથી છરી મેળવીને હુમલો કર્યો હતો.

આ હુમલામાં રમેશભાઈની પૌત્રી રિંકલબેનને જમણી બાજુ કુલે તથા પડોશી હંસાબેનને કમરના ભાગે છરી વાગી હતી. આ બંનેને બચાવવા વચ્ચે પડેલા નિવૃત્ત વૃદ્ધ રમેશભાઈના ડાબી બાજુ છાતીના ભાગે ઊંડો છરીનો ઘા ઝીકી દેવામાં આવ્યો હતો. હુમલા બાદ આરોપીઓ "આજ તો બચી ગયા છો, હવે મળીશ તો જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા રમેશભાઈને તત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે ભોગ બનનાર રમેશભાઈની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસ મથકે બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જિલ્લાના જળાશયોમાં પાણીની ભરપૂર આવક: ૪ ડેમ ઓવરફ્લો અને ૭ ભયજનક સપાટીએ

ભાવનગર,તા.૨૧

ભાવનગર સિંચાઈ યોજના વર્તુળના ફ્લડ સેલ અને કલેક્ટર કચેરીના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા આજે તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલા અહેવાલ મુજબ જિલ્લા અને આસપાસના ૧૬ મુખ્ય જળાશયોમાં પાણીની નોંધપાત્ર આવક થઈ છે, જેમાં ૧૬ પૈકી ૪ ડેમ ઓવરફ્લો થઈ રહ્યા છે અને ૭ જળાશયો ઓવરફ્લો તથા ભયજનક સપાટીએ પહોંચ્યા છે.

આ પૈકી પાલીતાણા સ્થિત શેત્રુંજી ડેમ તેની ૫૫.૫૩ મીટરની ઓવરફ્લો સપાટી સાથે ૧૦૦ ટકા ભરાઈ ગયો છે, જ્યાં હાલ ૯૪૦ ક્યુસેક પાણીની આવક સામે દરવાજા વાટે ૯૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. આ ઉપરાંત મહુવાનો માલણ ડેમ પણ ૧૦૪.૨૭ મીટરની હાલની સપાટીએ ૧૦૦ ટકા ભરાઈ જતાં તેમાં ૯૬.૪૮ ક્યુસેક પાણીની આવક અને જાવક નોંધાઈ છે.

જિલ્લાના અન્ય જળાશયોની સ્થિતિ જોઈએ તો શેત્રુંજી અને માલણ (જુઓ પાનું ૬)≫

## રંઘોળા ડેમ ૯૯ ટકા ભરાતાં હવાની લહેર સાથે છલકાઈ રહ્યું છે પાણી

ઉમરાળા તાલુકામાં રંઘોળા સિંચાઈ યોજના તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૯૯.૧૩ ટકા ભરાઈ ગઈ છે અને હજુ પણ પાણીની આવક ચાલુ છે. જળાશય સંપૂર્ણ ક્ષમતાએ પહોંચતાં ગમે તે સમયે તેના દરવાજા આપોઆપ ખુલે તેવી શક્યતા છે. આથી હેઠવાસમાં આવેલા ઉમરાળા તાલુકાના ૯ ગામો રંઘોળા, દેવળીયા, લંગાળા, ઝાંઝમેર, પીપરાળી, ધારુકા, માલપરા, ડંભાળીયા, ચોગઠ અને સિહોર તાલુકાના ભાણગઢ ગામના લોકોને સાવચેત રહેવા તથા નદીના પટમાં અવરજવર ન કરવા તંત્ર દ્વારા ચેતવણી આપવામાં આવી છે.





## તળાજાના નવી કામરોળમાં ઘોડાપૂરથી સંપર્ક કપાયો : બ્રિજ બનાવવાની માંગ વર્ષોથી પડતર

તળાજા તાલુકાના નવી કામરોળ ગામમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે નદીમાં ઘોડાપૂર આવતાં મુખ્ય રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. આ કારણે ગામનો સંપર્ક કપાઈ જતાં ગ્રામજનો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. જોકે, થોડા સમય બાદ પાણી ઓસરતાં રાહત થઈ હતી. ચોમાસા દરમિયાન દર વર્ષે સર્જાતી આ સમસ્યાથી છુટકારો મેળવવા ગ્રામજનો લાંબા સમયથી નદી પર કાયમી બ્રિજ બનાવવાની માંગ કરી રહ્યા છે. ગ્રામજનોએ તંત્ર પાસે વહેલી તકે સ્થળ તપાસ કરી બ્રિજ મંજૂર કરવા અપીલ કરી છે.

**શેત્રુંજી અને માલણ સહિતના ૯ મુખ્ય જળાશયો ૧૦૦ ટકા ભરાયા, જળાશયોમાં નીચાણવાળા વિસ્તારોને સાવચેત રહેવા ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની સૂચના**

# ક. પરામાં જુગારના દરોડામાં અડધા લાખથી પણ વધુની રોકડ સાથે 4 ખેલંદા ઝડપાયા, 6 ફરાર

**પોલીસ કાફલાને જોઈ જુગારીઓમાં નાસભાગ મચી, પોલીસે પીછો કરીને ચાર શખસોને પકડ્યા, નાસી છૂટેલા છ આરોપીઓની શોધખોળ શરૂ**

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરના કરચલીયા પરા વિસ્તારમાં હનુમાનનગર પાછળ જાહેરમાં રમાતા જુગારધામ પર ગંગાજળિયા પોલીસે સચોટ બાતમીના આધારે અચાનક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસ કાફલાને આવતો જોઈ જુગારીઓમાં અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરી પીછો કરીને ચાર શખસોને સ્થળ પરથી ઝડપી લીધા હતા, જ્યારે અન્ય છ શખસો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી જુગારનું સાહિત્ય તેમજ રૂ. ૫૮,૨૦૦ની રોકડ રકમ જપ્ત કરી હતી. ઝડપાયેલા આરોપીઓમાં નવનીત કિશોરભાઈ ચૌહાણ (રહે. આનંદનગર), રાહુલ બુધાભાઈ ચૌહાણ (રહે. કરચલીયા પરા), રવિ જયેશભાઈ બોરાણા (રહે. બોરડીગેટ) અને વિપુલ હિંમતભાઈ ચુડાસમા (રહે. કરચલીયા પરા)નો સમાવેશ થાય છે.જ્યારે રેડ દરમિયાન નાસી છૂટેલા આરોપીઓમાં વિશાલ વાજા, સાગર વાજા, રોહિત પ્રવિણભાઈ વાજા, રોહિત ઉર્ફે ભંભો અને મેહુલ ઉર્ફે ગેંગો વાજા (તમામ રહે. કરચલીયા પરા) સહિતના શખસો સામેલ છે. ગંગાજળિયા પોલીસે તમામ ૧૦ શખસો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધીને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે આગળની તપાસ હાથ ધરી છે.

# તળાજાના સરતાનપરની વાડીમાં અંડરગ્રાઉન્ડ ટાંકામાંથી 1.12 લાખનો વિદેશી દારૂ જપ્ત

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ મથકના સ્ટાફે દારૂબંધી અંગે હાથ ધરેલા પ્રોહિબિશન પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સરતાનપર ગામની સીમમાં આવેલી એક વાડીમાં સફળ દરોડો પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન પોલીસે જમીનમાં દાટેલા અંડરગ્રાઉન્ડ ટાંકામાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સરતાનપર ગામના લાલગેટ વિસ્તારમાં રહેતા નીલેશભાઈ ગૌધાભાઈ મકવાણાએ 'ગરાહ' નામની સીમમાં આવેલી પોતાની આંબાવાળી વાડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની સચોટ બાતમી મળતા પોલીસે પંચોને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. વાડીમાં તપાસ દરમિયાન આંબાના ઝાડ અને કપાસના પાકની વચ્ચે શંકાસ્પદ જગ્યાએથી માટી હટાવતા જમીનમાં દાટેલા અંડરગ્રાઉન્ડ પ્લાસ્ટિકના ટાંકા મળી આવ્યા હતા.પોલીસે ટાંકાના ઢાંકણા ખોલીને તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની સીલપેક ૧૮૦ એમ.એલ.ની ૩૬૨ બોટલ કિંમત ૭૨,૪૦૦ તથા અન્ય ૧૮૦ એમ.એલ.ની ૧૯૮ બોટલ કિંમત ૩૯,૬૦૦ મળી આવી હતી. આમ, પોલીસે કુલ ૫૬૦ બોટલ દારૂનો જથ્થો કુલ કિંમત ૧,૧૨,૦૦૦ જપ્ત કર્યો છે. દરોડા દરમિયાન આરોપી નીલેશ મકવાણા સ્થળ પર હાજર મળી આવ્યો ન હતો. આ અંગે તળાજા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

**આંબાવાળી વાડીમાં જમીનમાં દાટેલા પ્લાસ્ટિકના ટાંકામાંથી દારૂની ૫૬૦ બોટલો મળી આવી, તળાજા પોલીસ મથકે ગુનો નોંધી નાસી છૂટેલા વાડીમાલિકની શોધખોળ શરૂ**

# સ્વનિર્ભર શાળાઓના પડતર પ્રશ્નો અંગે સકારાત્મક ઉકેલની માંગ સાથે કલેક્ટરને અપાયું આવેદનપત્ર

**સત્વરે નીરાકરણ લાવશે નહિ તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની અપાઈ ચીમકી**





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૧

સમગ્ર ગુજરાત રાજયમાં ૧૭૦૦૦ કરતાં પણ વધુ સ્વનિર્ભર (ખાનગી) શાળાઓ કાર્યરત છે. આ શાળાઓમાં આશરે ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને ૭ લાખથી વધુ શિક્ષકો તેમજ કર્મચારીઓ પોતાની સેવાઓ આપી રહ્યા છે. ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભર શાળાઓનો ફાળો ૬૦% કરતાં પણ વધુ છે. જે ખૂબ નોંધનીય બાબત છે. અત્યાર સુધી સ્વનિર્ભર શાળાઓ અને સંચાલકોના વિવિધ પ્રશ્નો અંગે સરકાર તથા શિક્ષણ વિભાગમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી તેનું યોગ્ય અને સ્થાયી નિરાકરણ આવ્યું નથી.આથી સત્વરે નિરાકરણ લાવવાની માંગ સાથે આજે મંડળ દ્વારા જિલ્લા કલેક્ટર તથા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

સ્વનિર્ભર શાળા સંચાલકોની મુખ્ય ચાર માંગણીઓમાં ફ્રઈઝ (ફી રેગ્યુલેટરી કમિટી)ની પ્રક્રિયાનું સરળીકરણ, ઈઈ હેઠળનાં વિદ્યાર્થીઓની ફિ ચૂકવણી બાબતે માંગણી, શાળાઓની સ્વાયત્તતામાં બિનજરૂરી હસ્તક્ષેપ દૂર કરવા તેમજ રોજ બરોજનાં ગર્વનન્સ ડિસ્ટર્બનસમાંથી મુકિત આપવા રજૂઆત કરાઈ હતી અને સત્વરે નીરાકરણ લાવવામાં આવે તો મહામંડળ દ્વારા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ છે કે ગાંધી ચીધ્યા માર્ગે આંદોલનાત્મક પગલા લેવા ફરજ પડશે. તેમજ વિદ્યાર્થીમાં શૈક્ષણીક કાર્યમાં રૂકાવટ કરવા અંગેની ફરજ પણ અમોને પડશે. જેથી યોગ્ય પગલા લઈ નીરાકરણ લાવવાની ચીમકી પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભાવનગર શહેર તથા જિલ્લાની ખાનગી શાળાઓના સંચાલકો જોડાયા હતા.

# ગણેશ ઉત્સવ ઉતરાર્ધમાં, મહાનુભાવોએ કરી આરતી



તસવીર : ધવલ વાજા

ભાવનગરમાં મેઘાણી સર્કલ પાસે મહાકાળી મિત્ર મંડળ આયોજિત ગણેશ ઉત્સવમાં યુવરાજ જયવીરરાજસિંહજી ગોહિલ, ધારાસભ્ય સેજલબેન પંડયા, ભાજપના પૂર્વ શહેર પ્રમુખ રાજીવભાઈ પંડ્યા, સ્ટે. ચેરમેન કિશન મહેતા, ભાજપ મહામંત્રી નરેશ મકવાણા અને ભાવ. બાર એસો.ના પ્રમુખ હિરેનભાઈ જાની સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી મહાઆરતીનો લાભ લીધો હતો. બીજી તરફ, ભાવનગર શહેર અને જિલ્લામાં ગણેશોત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# મહુવા ફરી થયુ જળબંબાકાર



ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના મહુવામાં રવિવારે મેઘરાજાએ ધમાકેદાર ઈનિંગ્સ ખેલી સટાસટી બોલાવતા સવા ચાર ઈંચ જેટલો ભારે વરસાદ વરસી ગયો હતો. રવિવારે સમગ્ર સૌરાષ્ટ્રમાં પડેલા વરસાદમાં મહુવા પંથક મોખરે રહ્યો હતો. આ ધોધમાર વરસાદના કારણે સ્થાનિક નદીઓમાં નવા નીર આવ્યા હતા અને જળાશયોમાં પણ નોંધપાત્ર પાણીની આવક થઈ હતી.

જોકે, ધોધમાર વરસાદ વરસતા જ મહુવાના સર્કિટ હાઉસ, માધાતા સર્કલ, જનતા પ્લોટ, નૂતન નગર સહિતના અનેક મુખ્ય વિસ્તારોમાં ગોઠણસમા પાણી ભરાઈ ગયા હતા. રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાતા વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને અનેક દુકાનો તથા ઘરોમાં પણ પાણી ઘૂસી જવાની નોબત આવી હતી.આ પરિસ્થિતિને પગલે સ્થાનિક રહીશોમાં નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. લોકોનું કહેવું છે કે પાલિકા દ્વારા ચોમાસા પહેલા ગટર સફાઈ અને વરસાદી પાણીના નિકાલ અંગે કરાતા મોટા મોટા દાવા માત્ર કાગળ પર જ રહી જાય છે. ગંભીર બાબત એ છે કે વરસાદ બંધ થયાને બે કલાકથી વધુ સમય વિતી ગયો હોવા છતાં, તંત્ર દ્વારા પાણી ભરાયેલા વિસ્તારોની કોઈ મુલાકાત લેવામાં આવી ન હતી કે પાણી નિકાલ માટે કોઈ કામગીરી શરૂ કરાઈ ન હતી, જેથી નાગરિકોને ભારે રોષ અને હાલાકી વેઠવી પડી હતી.

**સવા ચાર ઈંચ ધોધમાર વરસાદ સામે સ્થાનિક તંત્ર વામણું પુરવાર થતા મેઘ તાંડવ જેવી સ્થિતિ સર્જાઈ : રસ્તાઓ પર ગોઠણસમા પાણી ભરાયા, વાહનો ડૂબયાં, વરસાદ બંધ થયાના કલાકો બાદ પણ તંત્ર ફરક્યું ન હોવાનો સ્થાનિકોનો આક્ષેપ :જળાશયોમાં ધોધમાર આવક**